મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

G T NEWS ગરવી તાકાત LIVE

૧૬-૦૭-૨૦૨૬
ગુરુવાર

વર્ષ : ૧૨ ★ અંક નં : ૮૯
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### અરેરાટીભરી ઘટનાઃ મહેસાણામાં પિઝા પાર્લરથી શરૂ થયેલો વિવાદ નાગલપુર ગામના મેદાનમાં હિંસક બન્યો

# મહેસાણામાં યુવક પર લાકડી-પાઈપ વડે જીવલેણ હુમલો, ૬ શખસો સામે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ

**પરિચિત બહેનપણી સાથે વાત કરવાના મુદ્દે ઉશ્કેરાયેલા શખસોએ રાત્રે ઘરે ઘસી જઈ યુવકને મોતને ઘાટ ઉતારવાનો કર્યો પ્રયાસ; બેલેનો કારમાં તોડફોડ કરી એક લાખની લૂંટ ચલાવ્યાનો પણ આક્ષેપ.**







મહેસાણા શહેરના રાધનપુર રોડ અને ત્યારબાદ નાગલપુર ગામમાં બનેલી એક હચમચાવી નાખનારી ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી છે. બહેન સાથે મિત્રની કારમાં દવા લેવા આવેલા એક યુવક પર પરિચિત યુવતીઓ સાથે વાત કરવાના મામલે ૬ શખસોએ લાકડીઓ અને લોખંડની પાઈપ વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ અંગે મહેસાણા શહેર બી ડિવિઝન પોલીસ મથકે ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસ ફરિયાદ મુજબ, મૂળ મહેસાણાના ખેરપુરના અને હાલ અમદાવાદ દંતાલી રહેતા ૨૮ વર્ષીય ચિરાગભાઈ તેજમાલભાઈ રબારી પોતાની બહેન સાથે મિત્રની કારમાં મહેસાણા આવ્યા હતા. બપોરના સમયે તેઓ રાધનપુર રોડ પર પિઝા પાર્લરમાં નાસ્તો કરી રહ્યા હતા, ત્યારે આયુષીબેન રબારી અને મોનીકાબેન ત્યાં આવી પહોંચ્યા હતા. આ સમયે આયુષીના ભાઈ જીગરભાઈ બળદેવભાઈ રબારી તથા જગદીશભાઈ કાળાભાઈ રબારી સહિત ૬ શખસો હથિયારો સાથે ત્યાં ધસી આવ્યા હતા અને 'મારી બહેન સાથે કેમ બેઠો છે?' તેમ કહી યુવકને સમાધાનના બહાને નાગલપુર ગામના મેદાનમાં બોલાવ્યો હતો.

બપોરે મેદાનમાં થયેલા હુમલા બાદ સબંધી સઈજી ભાઈએ યુવકને બચાવી પોતાના ઘરે આશરો આપ્યો હતો. જોકે, હુમલાખોરોનો રોષ અહીં જ ન શાંત થયો. રાત્રિના આશરે ૮ વાગ્યાના સુમારે આ ૬ શખસો હથિયારો સાથે સઈજીભાઈના ઘરે ત્રાટક્યા હતા. 'આજે તો તને પતાવી જ દેવો છે' તેમ કહી જીગર રબારીએ યુવકના માથામાં લોખંડની પાઈપ મારી હતી, જેના કારણે તે લોહીલુહાણ થઈને નીચે પછડાયો હતો. આ દરમિયાન અન્ય આરોપીઓએ પણ લાકડીઓ વડે મારમારી યુવકના હાથ અને પીઠના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

આ હુમલા દરમિયાન આરોપીઓએ યુવકની બેલેનો કારમાં પણ ભારે તોડફોડ કરી હતી. ફરિયાદીના જણાવ્યા મુજબ, ગાડીમાં રાખેલા એક લાખ રૂપિયા રોકડ પણ હુમલાખોરો લઈ ગયા છે. આસપાસના લોકો એકઠા થઈ જતા જ આરોપીઓ યુવકને 'ફરી મહેસાણામાં દેખાઈશ તો જીવતો નહીં છોડીએ' તેવી ધમકી આપી ફરાર થઈ ગયા હતા.

ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક ૧૦૮ મારફતે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. આ મામલે મહેસાણા શહેર બી ડિવિઝન પોલીસે જીગર રબારી, જગદીશ રબારી સહિતના ૬ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

આ હિંસક હુમલાની ઘટના બાદ વિસ્તારમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## મહેસાણાના વડસ્મા ગામે જમીન વિવાદમાં બે ભાઈઓ પર જીવલેણ હુમલોઃ ચાર સામે પોલીસ ફરિયાદ




મહેસાણા તાલુકાના વડસ્મા ગામે જમીન બાબતે ચાલી રહેલી જૂની અદાવતને કારણે ચાર શખ્સોએ બે ભાઈઓ પર પાઈપ અને લાકડી વડે જીવલેણ હુમલો કર્યાની ઘટના સામે આવી છે. આ મામલે લાંઘણજ પોલીસ મથકે ચાર વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડસ્માના ચૌહાણવાસમાં રહેતા વિજયસિંહ ધનાજી ખેરના પિતાને તેમના કુટુંબીઓ સાથે જમીન બાબતે લાંબા સમયથી તકરાર ચાલી રહી છે. ઘટનાના દિવસે ખેતર ખેડવા અને જમીન ગીરવે મૂકવા બાબતે બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. જેનો ખાર રાખી સાંજના સમયે જ્યારે વિજયસિંહ ગામની હાઈસ્કૂલ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે જગદીશસિંહ અરજણજી ખેર સાથે તેમની બોલાચાલી થઈ હતી.

આ ઝઘડો એટલો ઉગ્ર બન્યો કે જગદીશસિંહ ઘરેથી લોખંડની પાઈપ લઈ આવ્યા હતા અને તેમની સાથે રૂતુરાજસિંહ, ગીતાબેન તથા જયાબેન ખેર લાકડીઓ સાથે ત્યાં ધસી આવ્યા હતા. આરોપીઓએ વિજયસિંહને પકડી રાખી માથાના ભાગે પાઈપનો ફટકો મારી લોહીલુહાણ કરી દીધા હતા. વિજયસિંહને બચાવવા માટે વચ્ચે પડેલા તેમના ભાઈ સંજયભાઈને પણ રૂતુરાજસિંહે લાકડી વડે પગ અને બરડાના ભાગે માર માર્યો હતો.

હુમલો કર્યા બાદ આરોપીઓએ બંને ભાઈઓને જાનથી મારી નાખવાની ધમકી આપીને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત ભાઈઓને સારવાર માટે મહેસાણા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં વિજયસિંહને માથાના ભાગે ગંભીર ઈજા થતા ટાંકા આવ્યા હતા.

આ મામલે વિજયસિંહની ફરિયાદના આધારે લાંઘણજ પોલીસે જગદીશસિંહ ખેર, રૂતુરાજસિંહ ખેર, ગીતાબેન ખેર અને જયાબેન ખેર વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

### મહેસાણામાં લૂંટના નાટકનો પર્દાફાશઃ દાગીના વેચી માર્યાનું છુપાવવા સાસરો જાતે જ ઈજાઓ કરી

# કેનેડા ગયેલા સંતાનો પરત આવવાના હોવાથી ફફડી ઉઠેલા આધેડે પોલીસને કરી હતી ગેરમાર્ગે દોરતી ફરિયાદ

**સીસીટીવીમાં પોતે જ પોતાની આંખમાં મરચું નાખી અને હાથ પર ચપ્પુ મારતા પકડાઈ ગયા રમેશ પટેલ**





મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી એક ચોંકાવનારી ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર જગાવી દીધી છે. લૂંટની ઘટના તરીકે પોલીસને ગેરમાર્ગે દોરનાર ફરિયાદી પોતે જ આ ગુનાનો માસ્ટરમાઈન્ડ નીકળતા પોલીસ પણ આશ્ચર્યમાં મુકાઈ ગઈ હતી. આરોપીએ પોતાની પુત્રવધૂના દાગીના વેચી દીધા હોવાની વાત છુપાવવા માટે પોતે જ પોતાના પર ચપ્પુના ઘા મારીને લૂંટનું ખોટું નાટક રચ્યું હતું.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી રમેશ પટેલે પોતાના પુત્ર રૂપેશ અને પુત્રવધૂ જીજ્ઞાને કેનેડા મોકલવા માટે આશરે ૫૦ લાખ રૂપિયાનો જંગી ખર્ચ કર્યો હતો. દરમિયાનમાં તેમના લાટીના બિઝનેસમાં મોટું આર્થિક નુકસાન થતાં નાણાકીય ભીંસ ઊભી થઈ હતી. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તેમણે ચાર વર્ષ પહેલાં લોકરમાંથી પુત્રવધુના ૩ તોલાનો સોનાનો હાર, પુત્રની ૩ તોલાની લકી અને દોઢ તોલાની ત્રણ વીંટીઓ ઘરના કોઈ સભ્યને જાણ કર્યા વગર જ કાઢીને આશરે ૫ લાખ રૂપિયામાં વેચી દીધા હતા.તાજેતરમાં રમેશ પટેલની પુત્રીની શ્રીમંત વિધિ હોવાથી કેનેડાથી દીકરો અને પુત્રવધૂ વતન પરત આવવાના હતા. દાગીના વેચાઈ ગયા હોવાની સત્ય હકીકત જો તેઓને ખબર પડે તો ઘરમાં મોટો વિવાદ થાય તેવા ડરથી રમેશ પટેલે એક વિચિત્ર રસ્તો અપનાવ્યો. તેમણે લૂંટ થઈ હોવાનું નાટક કરવાનું નક્કી કર્યું, જેથી દાગીના ચોરાઈ ગયા હોવાનું બહાનું બનાવી શકાય. આ માટે તેમણે પોતે જ પોતાની આંખમાં મરચું નાખ્યું અને હાથ પર ચપ્પુ મારીને ઈજા કરી હતી.

**લૂંટનું નાટકઃ રમેશ પટેલે દીકરા અને પુત્રવધૂ કેનેડાથી પરત આવવાના હોવાથી અને તેમણે અગાઉ વેચી દીધેલા પુત્રવધૂના દાગીનાનો હિસાબ આપવો ન પડે તે માટે લૂંટનું ખોટું નાટક રચ્યું હતું.**

ઘટના બાદ રમેશ પટેલે પોલીસને જણાવ્યું હતું કે કાળા રંગની બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો તેમની આંખમાં મરચું નાખી અને ચપ્પુ મારીને દાગીના લૂંટી ગયા છે. મહેસાણા ઈન્ચાર્જ મિલાપ પટેલના માર્ગદર્શન હેઠળ પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાનું શરૂ કર્યું હતું. તપાસ દરમિયાન એક એવો વીડિયો સામે આવ્યો જેમાં રમેશ પટેલ એકલા બાઈક પર ઉભા રહીને પોતે જ થેલાનો પટ્ટો કાપતા અને પોતાની જાતે જ શરીર પર ઈજા પહોંચાડતા જોવા મળ્યા હતા. પોલીસે તેમના ઘરમાંથી જ ગુનામાં વપરાયેલી મરચાની ભૂકી પણ શોધી કાઢી હતી. કડકાઈથી પૂછપરછ કરતા આરોપીએ પોતાનો ગુનો કબૂલ્યો હતો, ત્યારબાદ પોલીસે તેમની વિરુદ્ધ ખોટી ફરિયાદ દાખલ કરવા બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**પોલીસ તપાસમાં ભાંડો ફૂટ્યોઃ પોલીસે સીસીટીવી ફૂટેજ ચકાસતા રમેશ પટેલ પોતે જ પોતાની આંખમાં મરચું નાખી અને હાથ પર ચપ્પુ મારતા પકડાઈ ગયા હતા, જેના આધારે પોલીસે આ કાવતરાનો પર્દાફાશ કર્યો.**

## સમીના ઝિલવાણા ગામે પારિવારિક ઝઘડામાં યુવક પર જીવલેણ હુમલો

સમી તાલુકાના ઝિલવાણા ગામે પારિવારિક બોલાચાલી બાદ કાકા અને પિતરાઈ ભાઈએ યુવક પર ધારીયા અને પાઈપ વડે ઘાતક હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ભોગ બનનાર યુવકે સમી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ઝિલવાણા ગામના મનિષ ધનાભાઈ દેવીપૂજકની રાત્રિના સમયે તેની પત્ની સાથે સામાન્ય બોલાચાલી થઈ હતી. ત્યારબાદ તે ઘરની બહાર નીકળ્યો હતો, તે દરમિયાન ત્યાં આવી પહોંચેલા તેના કાકા અમરતભાઈ દેવકણભાઈ દેવીપૂજક અને પિતરાઈ ભાઈ અશોક ઉર્ફે મલી દેવીપૂજકે મનિષને 'કેમ ઊંચા અવાજે બોલે છે' તેમ કહી ગાળો આપવાનું શરૂ કર્યું હતું.

મામલો ઉગ્ર બનતા અમરતભાઈએ ધારીયા વડે મનિષના થાપાના ભાગે ઘા કર્યો હતો, જ્યારે અશોકે લોખંડની પાઈપ વડે તેના ખભા પર ત્રણ ફટકા માર્યા હતા. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા મનિષને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સમી અને ત્યારબાદ વધુ સારવાર માટે ધારપુર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. તબીબી તપાસમાં મનિષના થાપા પર ટાંકા આવ્યા હતા અને ખભાના ભાગે ફેક્ચર હોવાનું નિદાન થયું હતું.

આ સમગ્ર મામલે મનિષે તેના કાકા અને પિતરાઈ ભાઈ વિરુદ્ધ સમી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### હૈયે હરખ ન સમાય તેવી રૂડી અષાઢી બીજ આવી પહોંચી

# આજે નગરચર્યાએ નીકળશે જગતનો નાથ; ૧૪૯મી રથયાત્રા માટે અમદાવાદ સજ્જ

## અમદાવાદમાં યોજાનારી ૧૪૯મી રથયાત્રાને લઈ ભક્તિમય માહોલ છવાયો છે : પ્રભુના સોના વેશના દર્શન કરવા જમાલપુર મંદિરે ભક્તોનું ઘોડાપૂર





અમદાવાદ, તા.૧૫

હૈયે હરખ અને આંખોમાં હેતની હેલી... અષાઢી બીજની એ પાવન સવાર, જ્યારે જગતનો નાથ સ્વયં ભક્તોના દુઃખ હરવા નીજ મંદિર છોડીને નગરે નીકળશે.

અમદાવાદની ઐતિહાસિક જમાલપુર નગરીમાં કાલે ભક્તિ, શ્રદ્ધા અને સમર્પણની ૧૪૯મી રથયાત્રા પ્રસ્થાન કરવા જઈ રહી છે. પ્રભુ જગન્નાથની સાથે બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્રજી પણ અલગ-અલગ રથમાં સવાર થઈને નગરચર્યાએ નીકળશે. ભગવાન સ્વયં ભક્તોને સાક્ષાત દર્શન આપવા માટે આવી રહ્યા છે ત્યારે સમગ્ર મહાનગરમાં અત્યારે એક અનોખો ભક્તિમય માહોલ છવાયો છે. વર્ષમાં એક જ એવો દિવસ આવે છે જ્યારે જગતના નાથ સ્વયં પોતાના સિંહાસન પરથી ઊતરીને ભક્તોના ઘરે ભક્તોના દ્વારે ભક્તોના હૃદય સુધી પહોંચવા નગરચર્યાએ નીકળે છે. ગુરૂવારે અમદાવાદ ફરી એકવાર આ અલૌકિક ક્ષણોનો સાક્ષી બનશે.

જમાલપુરનું ૪૦૦ વર્ષથી પણ વધુ પ્રાચીન જગન્નાથ મંદિર આજે ભક્તિથી ધબકી રહ્યું છે. ભગવાનના નીજ મંદિરમાં સોના વેશના દિવ્ય દર્શન કરવા માટે ભક્તોની અવિરત ભીડ ઉમટી રહી છે. સોનાના અલંકારોથી શોભતા મહાપ્રભુના મુખારવિંદ પરનું દિવ્ય સ્મિત જાણે દરેક ભક્તને આશીર્વાદ આપી રહ્યું હોય એમ લાગે છે. માન્યતા છે કે અષાઢી બીજના દિવસે મહાપ્રભુના દર્શન કરનાર ભક્તના જીવનમાંથી દુઃખો દૂર થાય છે અને સુખ-સમૃદ્ધિના દ્વાર ખુલ્લા થાય છે.

ગુરૂવારે જે રથોમાં બિરાજીને મહાપ્રભુ નગરવિહાર કરશે તે ત્રણેય રથોની પ્રતિષ્ઠા અને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પૂજનવિધિ પૂર્ણ થઈ ચૂકી છે. નંદીઘોષમાં મહાપ્રભુ જગન્નાથજી તાલધ્વજમાં બલભદ્રજી અને દર્પદલન રથમાં બહેન સુભદ્રાજી બિરાજમાન થશે.

માત્ર રથો જ નહીં સમગ્ર મંદિર પણ જાણે સ્વર્ગ સમું શણગારાયું છે. પાંચ હજારથી વધુ ફૂલોથી મંદિરને સુશોભિત કરવામાં આવ્યું છે. ઓર્કિડ લીલિયમ સેવંતી જીપ્સોગલગોટા અને સૂર્યમુખીના રંગો સાથે અશોકના પાન અને કામિનીની હરિયાળી મંદિરની દિવ્યતાને અનેકગણી વધારી રહી છે. દરેક ખૂણેથી ભક્તિની સુગંધ પ્રસરી રહી છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાપ્રભુને વિશેષ પ્રસાદ અર્પણ કરીને પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી છે. મગ, જાંબુ, કાકડી, કેરી, દાડમ, ડ્રાયફ્રૂટ અને ચોકલેટ સહિતનો પ્રસાદ મંદિર પહોંચ્યો છે. મંદિર ટ્રસ્ટનું કહેવું છે કે, ભલે પ્રધાનમંત્રી વ્યસ્તતાના કારણે ઉપસ્થિત રહી શકતા ન હોય પરંતુ મહાપ્રભુ પ્રત્યેની તેમની આસ્થા દર વર્ષે પ્રસાદના રૂપમાં જરૂર પહોંચે છે. એટલું જ નહીં આગામી વર્ષે યોજાનારી ઐતિહાસિક ૧૫૦મી રથયાત્રા માટે તેમને વિશેષ આમંત્રણ પણ પાઠવવામાં આવશે. રથયાત્રાની પૂર્વસંધ્યાએ રાજકીય આગેવાનો પણ મહાપ્રભુના ચરણોમાં નતમસ્તક થયા. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, શક્તિસિંહ ગોહિલ સહિતના નેતાઓએ ભગવાનના દર્શન કરીને આરતી અને પૂજનવિધિમાં ભાગ લીધો. આસ્થા સામે રાજકારણ પણ નતમસ્તક બનતું દ્રશ્ય મંદિર પરિસરમાં જોવા મળ્યું.

બીજી તરફ લાખો ભક્તોની સુરક્ષા માટે પોલીસ તંત્ર પણ સંપૂર્ણ એલર્ટ છે. મંદિર પરિસરથી લઈને સમગ્ર યાત્રામાર્ગ સુધી ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે. BDDSની ટીમે મંદિર અને આસપાસના વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે વહેલી સવારે મંગળા આરતીમાં ઉપસ્થિત રહેશે. તો મંદિરનો લાડકો શ્વાન 'બડી' પણ મહાપ્રભુને નતમસ્તક થઈ ભક્તિનું અનોખું દ્રશ્ય સર્જતો જોવા મળ્યો.

હવે બસ થોડા કલાકોની જ રાહ છે. શંખનાદ ગુંજશે નગારા વાગશે અને જય જગન્નાથના જયઘોષથી આખું અમદાવાદ ગુંજી ઊઠશે અને જ્યારે મહાપ્રભુનો રથ આગળ વધશે ત્યારે માત્ર રસ્તાઓ જ નહીં પરંતુ લાખો ભક્તોના હૃદયો પણ ભક્તિથી છલકાઈ ઊઠશે. કારણ કે આ માત્ર એક યાત્રા નથી. આ છે આસ્થા, પરંપરા, સમરસતા અને ભક્તિનો મહોત્સવ જ્યાં ભગવાન સ્વયં પોતાના ભક્તોને મળવા તેમના દ્વારે આવે છે.

### સિંહો માટે દેશનો પ્રથમ રેલવે અંડરપાસ તૈયાર

# ઢસા-રાજુલા રૂટ પર ૯.૪૨ કરોડના ખર્ચે બનશે સુરક્ષિત કોરિડોર, ૮૦ ટકા કામ પૂર્ણ

## ઢસા–રાજુલા–પીપાવાવ રેલવે માર્ગ પર સિંહોની સુરક્ષિત અવરજવર માટે રેલવે અંડરપાસ બનાવવામાં આવી રહ્યો છે

અમરેલી, તા.૧૫

એશિયાટિક સિંહોના સંરક્ષણ માટે ગુજરાતમાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવી રહ્યું છે. અમરેલી જિલ્લાના ઢસા–રાજુલા–પીપાવાવ રેલવે માર્ગ પર વન્યજીવો, ખાસ કરીને સિંહોની સુરક્ષિત અવરજવર માટે દેશનો પ્રથમ વિશેષ રેલવે અંડરપાસ તૈયાર થઈ રહ્યો છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ સિંહોને રેલવે ટ્રેક સુરક્ષિત રીતે પાર કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવી તેમની રેલ અકસ્માતમાં થતી જાનહાનિ અટકાવવાનો છે.

ભાવનગર રેલવે મંડળના રેલ પ્રબંધક દિનેશ વર્માએ જણાવ્યું હતું કે વન વિભાગ અને ભારતીય રેલવેના સંકલિત પ્રયાસોથી આ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. સિંહોની અવરજવર અને તેમના પ્રાકૃતિક કોરિડોરને ધ્યાનમાં રાખીને આ અંડરપાસનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જેથી વન્યજીવોને કોઈ અવરોધ વિના સુરક્ષિત માર્ગ મળી રહે.

આ સમગ્ર પ્રોજેક્ટ હેઠળ ઢસા–રાજુલા–પીપાવાવ રેલવે રૂટ પર કુલ પાંચ સ્થળોએ અંડરપાસ બનાવવામાં આવી રહ્યા છે. અંદાજે ૯.૪૨ કરોડના ખર્ચે હાથ ધરાયેલા આ કામમાં હાલમાં લગભગ ૮૦ ટકા કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. બાકીનું કામ પણ ઝડપથી આગળ વધી રહ્યું છે અને ટૂંક સમયમાં આ પ્રોજેક્ટ પૂર્ણ થવાની શક્યતા છે. વન વિભાગના અંદાજ મુજબ આ વિસ્તારમાં આશરે ૩૦ જેટલા એશિયાટિક સિંહોનું નિયમિત નિવાસ અને અવરજવર રહે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં રેલવે ટ્રેક પાર કરતી વખતે સિંહોના અકસ્માતમાં મોતની ઘટનાઓ સામે આવી હતી. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે રેલવે અને વન વિભાગે સંયુક્ત આયોજન કરીને સિંહોની હિલચાલના માર્ગોનું વૈજ્ઞાનિક અભ્યાસ કર્યા બાદ અંડરપાસ માટે સ્થળોની પસંદગી કરી છે.

અંડરપાસ તૈયાર થયા બાદ સિંહો ઉપરાંત દીપડા, નીલગાય, ચિતલ સહિત અન્ય વન્યજીવોને પણ સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પાર કરવાની સુવિધા મળશે. આ પ્રોજેક્ટ માનવ–વન્યજીવ સહઅસ્તિત્વ અને આધુનિક વિકાસ વચ્ચે સંતુલન જાળવવાનું ઉત્તમ ઉદાહરણ માનવામાં આવી રહ્યો છે. વન્યજીવ સંરક્ષણની દિશામાં દેશનો આ પ્રથમ પ્રકારનો પ્રયાસ સફળ બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

નિષ્ણાતોના મતે આ મોડેલ સફળ સાબિત થશે તો ભવિષ્યમાં અન્ય વન્યજીવ વિસ્તારોમાં પણ આવી જ પ્રકારની સુવિધાઓ વિકસાવવામાં આવી શકે છે, જેના પરિણામે રેલ અકસ્માતમાં વન્યજીવોના મૃત્યુમાં નોંધપાત્ર ઘટાડો થશે.

### ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય

# અશાંત ધારાના સ્થાને સ્પેસિફાઈડ એરિયા શબ્દનો હવે થશે ઉપયોગ

## મિલકત વેચાણ અને વિવાદાસ્પદ વિસ્તારોને લઈને એક મહત્વપૂર્ણ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત સરકાર દ્વારા અશાંત ધારા અંતર્ગત એક મહત્વપૂર્ણ નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે, જેમાં હવે અશાંત ધારાના બદલે સ્પેસિફાઈડ એરિયા (નિયત અથવા વિશિષ્ટ વિસ્તાર) શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. આ વિસ્તારો નક્કી કરવા માટે એક મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવશે, જેની સલાહના આધારે જે વિસ્તારોમાં કોમી તણાવ હોય અને ભવિષ્યમાં સ્થળાંતરની સંભાવના જણાય ત્યાં આ કાયદો લાગુ કરાશે.

મિલકત વેચાણની પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માટે કલેક્ટર કક્ષાએ તપાસ કરવામાં આવશે અને આ માટે એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) બનાવવામાં આવશે. તપાસ બાદ જ વેચાણની મંજૂરી મળશે, અને જો ગેરકાયદેસર રીતે મિલકત ટ્રાન્સફર થઈ હશે, તો તે રદ કરીને છ માસમાં રકમ પરત કરી મિલકતનો કબજો પરત લેવાની જોગવાઈ કરવામાં આવી છે. આ સમગ્ર પ્રક્રિયા અંગેના વિસ્તૃત નિયમો સાથેનું નોટિફિકેશન સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. સરકારના નવા નોટિફિકેશન મુજબ, હવેથી અશાંત ધારા શબ્દ પ્રચલિત નહીં રહે. તેની જગ્યાએ સ્પેસિફાઈડ એરિયા (નિયત અથવા વિશિષ્ટ વિસ્તાર) શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. આ સાથે જ, કાયદાકીય પ્રક્રિયામાં ભોગ બનનાર વ્યક્તિ માટે પર્સન અગ્રીવડ જેવા શબ્દોનો ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

કોઈપણ વિસ્તારને સ્પેસિફાઈડ એરિયા જાહેર કરતા પહેલા હવે એક ખાસ મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવશે. આ કમિટીની સલાહ અને ભલામણાના આધારે જ રાજ્ય સરકાર કોઈ વિસ્તારને સ્પેસિફાઈડ એરિયા તરીકે જાહેર કરશે.

જે વિસ્તારોમાં કોમી તણાવ રહેતો હોય અથવા ભવિષ્યમાં ત્યાંથી લોકોનું મોટા પાયે સ્થળાંતર થવાની સંભાવના હોય, તેવા વિસ્તારોને ખાસ ધ્યાન હેઠળ રાખીને સ્પેસિફાઈડ એરિયા જાહેર કરવામાં આવશે.

નવા નિયમો હેઠળ, સ્પેસિફાઈડ એરિયામાં આવતી મિલકતોના વેચાણ અંગેની પ્રક્રિયા વધુ કડક કરવામાં આવી છે. આવી મિલકતોના વેચાણ બાબતે કલેક્ટર કક્ષાએ તપાસ હાથ ધરવામાં આવશે. આ તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરવામાં આવશે. કોમી તણાવ કે શાંતિ ભંગ જેવી સ્થિતિની સઘન તપાસ કર્યા બાદ જ મિલકત વેચાણની મંજૂરી આપવામાં આવશે.

જો કોઈ મિલકતનું ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરવામાં આવ્યું હોય, તો તેવા કિસ્સામાં ટ્રાન્સફર રદ કરવામાં આવશે. એટલું જ નહીં, આવા કિસ્સામાં ખરીદનાર વ્યક્તિએ છ માસની અંદર રકમ પરત કરી મિલકતનો કબ્જો મૂળ માલિકને સોંપવાનો રહેશે. રાજ્ય સરકારના આ નવા નોટિફિકેશનથી મિલકત ટ્રાન્સફરની પ્રક્રિયા વધુ પારદર્શક અને કાયદાકીય રીતે સુરક્ષિત બનશે.

## સાબરકાંઠા દ્વારા રાષ્ટ્રીય બાલવિજ્ઞાન પરિષદ (NCSC)સ્પર્ધા યોજાશે




ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હસ્તકના નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધાનું આયોજન સમગ્ર દેશમાં કરવામાં આવે છે.

આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નાનપણથી જ વિજ્ઞાન પ્રત્યે રસ અને રુચિ કેળવાય અને તેમનામાં વૈજ્ઞાનિક સંશોધન વૃત્તિ વિકસે તે માટે છે.

ગુજરાતમાં આ સ્પર્ધાનું આયોજન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ ટેકનોલોજી વિભાગ ગાંધીનગર, દ્વારા કરવામાં આવે છે.

સાબરકાંઠા જિલ્લામાં આ સ્પર્ધાનું આયોજન પ્રમુખસ્વામી લોક-વિજ્ઞાન કેન્દ્ર બડોલી, દ્વારા કરવામાં આવે છે. સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ( NCSC )૨૦૨૬ સ્પર્ધાના માર્ગદર્શન માટે ઓનલાઈન તથા ઓફલાઈન તાલીમ કાર્યક્રમ પણ યોજાશે. આ કાર્યક્રમમાં ૧૦ થી ૧૭ વર્ષના બાળકો ભાગ લઈ શકે છે. જેનો મુખ્ય વિષય science and innovation for sustainability ( સુસ્થાયીતા માટે વિજ્ઞાન અને નવીનતા) અને તેના પાંચ પેટા વિષય ઉપર બાળકો પ્રોજેક્ટ બનાવી શકશે.

ઓનલાઈન પોર્ટલ પર રજીસ્ટ્રેશન n-csc.in. કરવા માટે જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ૯૮૨૫૯૯૪૪ ૮૩ અનિલ પંચાલ નો સંપર્ક કરવો. રજી. માટે અંતિમ તા. ૩૧/ ૭/ ૨૦૨૬ છે. માહિતી માટે વિજ્ઞાન કેન્દ્રનો સંપર્ક કરવો.

### ગુજરાતમાં સંબંધો લોહીથી રંગાયા

# દારૂની લત બની પરિવાર માટે અભિશાપ, બે સગા દીકરાએ બાપનું ઢીમ ઢાળી દીધું!

## વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં સંબંધોને શરમાવે તેવી એક હચમચાવી દેનારી ઘટના સામે આવી છે

વલસાડ, તા.૧૫

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના અંતરિયાળ એવા મુરદડ ગામે ૧૦ તારીખે એક ખૂની ખેલ ખેલાયો હતો. જેમાં એક આધેડની હત્યા થઈ હતી. ઘટનાની વિગતે વાત કરીએ તો ધરમપુર તાલુકાના મુરકડ ગામના બામણ ફળિયામાં રહેતા ૪૬ વર્ષીય ભરતભાઈ મોતીરામભાઈ પવારને ગંભીર હાલતમાં વલસાડની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લાવવા આવ્યા હતા. માથાના ભાગે ગંભીર ઈજાઓ હતી. વલસાડ સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ ભરતભાઈ પવારને વધુ સારવાર માટે સુરત ખસેડવામાં આવ્યા હતા. જો કે પોસ્ટમોર્ટમમાં ખુલાસો થયો હતો કે ભરતભાઈની હત્યા થઈ હતી ત્યારે આ મામલે ધરમપુર પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે.

મૃતક ભરતભાઈ પવારની હત્યાના મામલે ધરમપુર પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે આરોપીઓની ઓળખ કરીએ તો ૧) વિઠ્ઠલ પાવર અને ૨) યોગેશ પવાર. ઝડપાયેલા આરોપીઓ મૃતક ભરત સવારના પુત્રોજ હોવાનું બહાર આવ્યું છે ત્યારે એ રાત્રે એવી તો શું ઘટના બની કે બે સગા દીકરાઓએ પોતાના જ પિતાની હત્યા કરી નાખી? ત્યારે ધરમપુર પોલીસ ની તપાસમાં ખુલાસો થયો છે કે મૃતક ભરત પવાર ને દારૂ પીવાની ગંભીર લત હતી. તેઓ અવારનવાર નશાની હાલતમાં ઘરે આવી પત્ની, બંને પુત્રો અને પરિવારના અન્ય સભ્યો સાથે ગાળાગાળી, મારામારી અને તોડફોડ કરતા હતા. છેલ્લા ઘણા સમયથી આખો પરિવાર તેમના આ ત્રાસથી કંટાળી ગયો હતો અને ઘરમાં સતત તંગદિલીનું વાતાવરણ રહેતું હતું.ગત ૧૦ જુલાઈની સાંજે ભરતભાઈ ફરી એકવાર નશાની હાલતમાં ઘરે પહોંચ્યા હતા. ઘરઆંગણે ગાળો બોલી ઝઘડો શરૂ કરતાં બંને પુત્રોએ તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ બોલાચાલી ઉગ્ર બનતા મોટા પુત્ર વિઠ્ઠલ પવાર ગુસ્સામાં આવી ગયો અને ઘરમાં પડેલા કુહાડીના લાકડાના હાથાથી પિતાના માથામાં સતત ઘા ઝીંકી દીધા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત ભરતભાઈને પહેલા વલસાડ સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

ઘટનામાં પણ ભરત પવાર દારૂના નશામાં એટલો બધો અંધ થઈ જતો કે પછી સમગ્ર પરિવાર સાથે ગાળા ગાડી અને ઝઘડાઓ કરતો હતો ત્યારે આવીશ માં આવીને પુત્રોએ તેના જ પિતાની હત્યા કરી નાખી ત્યારે હવે આ ઘટના બાદ ઘરના મોભી નું મોત થયું છે તો બાકીના બે યુવાન દીકરાઓને લાંબા સમય સુધી જેલની હવા ખાવાનો વારો આવશે..દારૂનું વ્યસન માત્ર એક વ્યક્તિનું નહીં, પરંતુ સમગ્ર પરિવારના સુખ, શાંતિ અને સંબંધોનો પણ અંત લાવી શકે છે.

# નડિયાદના ડુમરાલ રોડ કેનાલમાં માસૂમ બાળક ડૂબ્યાની આશંકા

નડિયાદ,તા.૧૫

નડિયાદ શહેરના જૂના ડુમરાલ રોડ પર આવેલી કેનાલમાં એક માસૂમ બાળક ડૂબી જવાની દુઃખદ ઘટના સામે આવી છે. નગરપાલિકા દ્વારા ચાલી રહેલા સાયકલ ટ્રેકના નિર્માણ કાર્ય દરમિયાન એક મજૂરના બાળકનો પગ લપસતાં તે કેનાલના વહેતા પાણીમાં ગરકાવ થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને સ્થાનિક તરવૈયાઓની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બાળકની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.પ્રાથમિક માહિતી અનુસાર, બાળકના પિતા નગરપાલિકાના સાયકલ ટ્રેકના નિર્માણ કાર્યમાં મજૂરી કરી રહ્યા હતા. તે દરમિયાન બાળક નજીકમાં રમતું હતું. રમતા-રમતા તે કેનાલના કિનારે પહોંચી ગયું અને અચાનક પગ લપસતાં સીધું પાણીમાં પડી ગયું હતું. બાળકને પાણીમાં ગરકાવ થતું જોઈ આસપાસ હાજર લોકો દોડી આવ્યા, પરંતુ વહેતા પ્રવાહના કારણે તેને બચાવી શકાયું નહોતું.

ઘટનાની જાણ થતાં નડિયાદ ફાયર બ્રિગેડની ટીમ તરત જ સ્થળ પર પહોંચી હતી. સ્થાનિક તરવૈયાઓની મદદથી કેનાલમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. કેનાલમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી બચાવ કામગીરી પડકારજનક બની છે. તેમ છતાં બાળકને શોધી કાઢવા માટે યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે.

આ ઘટનાએ મજૂર પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોતાના કામમાં વ્યસ્ત માતા-પિતાને જાણ થતાં તેઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બાળકની ચિંતામાં વ્યાકુળ બન્યા હતા. આસપાસના લોકો પણ મોટી સંખ્યામાં સ્થળ પર એકત્ર થયા હતા અને બચાવ કામગીરી પર નજર રાખી રહ્યા હતા.પોલીસ અને સ્થાનિક તંત્ર દ્વારા પણ સમગ્ર ઘટનાની માહિતી મેળવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હાલમાં બાળકની શોધખોળ ચાલુ છે અને સત્તાવાર રીતે કોઈ અંતિમ માહિતી જાહેર કરવામાં આવી નથી. તંત્રએ લોકોને કેનાલના કિનારે સાવચેતી રાખવા તેમજ નાના બાળકોને એકલા ન છોડવાની અપીલ કરી છે.

## સાયકલ ટ્રેકના કામમાં રોકાયેલા મજૂરના બાળકનો પગ લપસતા કેનાલમાં ગરકાવ, ફાયર બ્રિગેડ અને તરવૈયાઓ શોધખોળમાં જોડાયા

